| GJJM090000642026 | કેસ દાખલ તા.: ૦૩/૦૨/૨૦૨૬ |
| --- | --- |
| | કેસ નોંધ્યા તા.: ૦૩/૦૨/૨૦૨૬ |
| | ઠરાવ જાહેર તા.: ૦૧/૦૪/૨૦૨૬ |
| | અવધિ:૦૦ વર્ષ ૦૧ માસ ૨૯ દીવસ |

**જોડીયાના મહેરબાન જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુ. જોડીયા**

**આંક–**

**ફરીયાદી......** શ્રી સરકાર

**વિરૂદ્ધ**

**આરોપી......** કુલસુમબેન ઉર્ફે હવાબેન વા/ઓ હુશેનભાઇ ઉર્ફે હનીફ ઉર્ફે જાંબુ અભરામભાઇ ઉર્ફે ઇબ્રાહીમભાઇ રાધા
ઉ.વ.૪૫, ધંધો: મજુરી
રહે. રામ–રહીમનગર મફતીયા પરા, જોડીયા,
તા. જોડીયા જી.જામનગર

---

**ચાર્જ:–** ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫ એ.એ. મુજબ

---

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીઃ શ્રી એન.કે.પરમાર
બચાવપક્ષ તરફે વિ. વકિલશ્રીઃ શ્રી આર.બી.પંડ્યા

---

**– ઠ રા વ –**

## (૧) **કેસની ટુંકમાં હકિકતઃ**–

હાલના કામે બનાવની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ ક. ૧૮/૫૫ વાગે આ કામનાં આરોપીએ વગર પાસ– પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં પીવાનો દેશી દારૂ લીટર–૦૩, કિંમત રૂ.૬૦૦/– નો રાખી, ગુનો કર્યા બાબતની ફરીયાદ આ કામના ફરીયાદીએ પો.સ્ટે.માં દાખલ કરેલ અને તેથી આ કામના આરોપી વિરુધ્ધ ગુજરાત પ્રોહીબીશન(એમેન્ડમેન્ટ) એકટની કલમ–૬૫ એ.એ. અન્વયે ગુનો દાખલ કરવામાં આવેલ. સદર ફરીયાદ અન્વયે તપાસ કરનાર અમલદારશ્રીએ પોતાની તપાસ દરમ્યાન ગુનાવાળી જગ્યાએથી મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ કરી, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પોતાની તપાસનાં અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ઉપરોક્ત ગુના અન્વયેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

## (૨) **ન્યાયિક કાર્યવાહીઃ**–

આ કામનાં આરોપીને આ અદાલત દ્વારા સમન્સ ઇશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે બી.એન.એસ.એસ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ.ત્યારબાદ આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક–૦૫ થી પ્લી નોંધવામાં આવતા, આરોપીએ પોતાની સામે આક્ષેપાયેલ ગુનાનો સ્પષ્ટ ઇન્કાર કરતા આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હતો. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોંધ્યા બાદ વિ.એ.પી.પી.શ્રી. નાઓએ ફરીયાદપક્ષના વધુ કોઇ મહત્વના સાક્ષી તપાસવાના રહેતા ના હોવાની મૌખિક વિનંતી કરી ફરીયાદપક્ષનો પૂરાવો પુરો થયાનું જાહેર કરેલ છે. હાલના કામે અદાલત સમક્ષ રજુ થયેલ

રેકર્ડ ઉપરના પુરાવાને વંચાણે લેતાં આરોપીનું બી.એન.એસ.એસ.કલમ–૩૫૧ હેઠળ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રેકર્ડ પર આવેલ ન હોય આરોપીનું વિશેષ નિવેદન નોંધેલ નથી. ત્યારબાદ આ કામે બંન્ને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી.

(૩) ઉપરોક્ત હકીકતે આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>– મુદ્દાઓ –</u>**

મુદ્દા નં.(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા.૩૦/૧૧/૨૦૨૫ ના રોજ ક. ૧૮/૫૫ વાગે આ કામનાં આરોપીએ વગર પાસ– પરમીટે ગેરકાયદેસર રીતે પોતાના કબ્જામાં પીવાનો દેશી દારૂ લીટર–૦૩, કિંમત રૂા.૬૦૦/– નો રાખી, ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટની કલમ–૬૫ એ.એ. અન્વયે શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદ્દા નં.(૨) શું હુકમ?

(૪) ઉપરોકત મુદ્દાઓનાં મારા કારણો અને તારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.(૧) નકારમાં,
મુદ્દા નં.(૨) આખરી હુકમ મુજબ.

(૫) **<u>મુદ્દા નં.:૧ની ચર્ચા:</u>**

(૫.૧) આ કામે ફરીયાદકપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતા ફરીયાદપક્ષ દ્વારા પંચ

સાહેદ સલીમભાઇ ઉર્ફે આરીફભાઇ અબ્દુલભાઇ ખ્યારનાઓને આંક–૧૨ થી તપાસેલ છે, તેઓએ આંક–૧૩ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર પંચ સાહેદોએ રજુ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને ત્યારબાદ બચાવપક્ષે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ નહી હોવાનું કબુલ રાખેલ છે. આમ, પંચ સાહેદે પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૫.૨) આ કામના તપાસ કરનાર અમલદાર મેહુલભાઇ ભોપાભાઇ ઝરમરીયા નાઓને આંક–૦૮ થી તપાસતા તેઓએ ફરીયાદ મુજબની હકીકત જણાવી આંક–૦૯ થી રજુ કરેલ ફરીયાદમાં ફરીયાદી પો.કો. દેવેન્દ્રસિંહ દશરથસિંહ જાડેજાનાઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવેલ છે કે, સદર ગુનાની તપાસ તેમને મળતાં તેઓએ તપાસ સંભાળી સાહેદોના નિવેદન લીધેલ, પ્રોહી મુદામાલ પૃથકકરણ માટે મોકલેલ, જે રવાનગી પત્રક આંક–૧૦ થી રજુ કરેલ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, આરોપીને અટક કરેલ અને પુરતા પુરાવા મળી આવતાં ચાર્જશીટ કરેલ. સદર સાહેદે આરોપીને ઓળખતા હોવાનું જણાવે છે. તેમજ પંચનામામાં પોતાની સહી તથા પંચોની સહી ઓળખી બતાવેલ છે.

બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં તપાસ કરનાર અમલદારે બચાવપક્ષની એ હકીકતને સમર્થન આપેલ છે કે, ફરીયાદી તેમના સાથી કર્મચારી છે, બનાવવાળી જગ્યાએ જાહેર જગ્યા છે અને આજુબાજુ ધણાબધા માણસોની સતત અવર જવર રહે છે, સ્વતંત્ર સાહેદોના નામ જણાવેલ નથી. આ કામે પોલીસે સાહેદો સિવાય કોઇ સ્વતંત્ર સાહેદોનો નોંધેલ નથી, એફ.એસ.એલ.નો કોઇ રીપોર્ટ રજુ કરેલ નથી.

(૬) આમ, સબબ કેસની ન્યાયિક કાર્યવાહીના અંતે ફરીયાદપક્ષના કેસમાં અનેક ક્ષતિઓ અને વિરોધાભાસી હકીકતો જણાય આવે છે. સદર કામે પ્રોહી

મુદ્દામાલ આરોપી પાસેથી જ મળી આવેલ છે કે કેમ, અને તે પ્રોહી મુદ્દામાલ કોની માલીકીનું છે અને તેઓ ભોગવટેદાર કોણ છે તેવી કોઇ હકીકત અંગે ફરીયાદપક્ષે કોઇ પુરાવો આપેલ નથી. નિષ્પક્ષ અને તટસ્થ સાહેદો મળી શકે તેમ હોવા છતાં આજુબાજુવાળાના કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. પંચ સાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન આપેલ નથી. જેથી પંચનામું પુરવાર થયેલ નથી.

<u>નામદાર ગુજરાત વડી અદાલત, માનસીંગ મુલુભાઇ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત કેસ, સને–૨૦૧૨(૦)જી.એલ.એચ.ઇ.એલ.–એચ.સી.–૨૨૭૬૯૮.</u>

*'જો પંચો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી પંચનામાં મુજબ રીકવર કરેલ મુદ્દામાલ સીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતું હોય તેમજ ફરીયાદી પોતાનો કેસ પુરવાર કરવા માટે સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો પુરાવો વિરોધાભાસ જણાણો હોય, આરોપીને શંકાનો લાભ આપી શકાય."*

ઉપરોકત ચુકાદો હાલનાં કેસમાં બંધબેસતો લાગુ પડે છે. જો પંચસાહેદો ફરીયાદપક્ષની હકીકતને સમર્થન ન આપે ત્યારે મુદ્દામાલ રીકવર કર્યા અંગેનું પંચનામુ સાબિત થયેલ માની શકાય નહી જેથી આરોપીપક્ષને તે બાબતન લાભ આપવો જોઇએ. વધુમાં પૃથકકરણ માટે મોકલવામાં આવેલ પ્રોહી મુદ્દામાલ સેમ્પલનો એફ.એસ.એલ.નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ નથી જેથી ફરીયાદપક્ષ સાબિત કરી શકેલ નથી કે કબજે કરવામાં આવેલ પ્રોહી મુદ્મમાલ આલ્કોહોલ જ હતો કે કેમ અને જયારે તપાસ કરના અમલદાર સ્વયં જણાવતાં હોય કે આરોપીના પ્રત્યક્ષ કબજા ભોગવટામાંથી કોઇ પ્રોહી મુદામાલ મળી આવેલ નથી ત્યારે ફરીયાદપક્ષ પ્રોહી મુદામાલનું આરોપી પાસેનું કન્સીયસ પઝેસન સાબિત કરી શકેલ નથી, જેથી સદર પ્રોહી

મુદામાલ આરોપી પાસેથી કબજે કરેલ કે કેમ તે સાબિત થઇ શકતું નથી. વધુમાં ફરીયાદપક્ષના સાહેદો પણ ફરીયાદપક્ષને સમર્થન કરતા ન હોય જેથી વિરોધાભાષ જણાય છે. આમ, સાહેદની જુબાનીમાં સત્યતા જણાઇ આવતી નથી. વધુમાં તપાસ કરનાર અમલદાર દ્વારા પંચોની રૂબરૂમાં પંચનામું કરેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે. જયારે પંચો દ્વારા પંચનામાની કોઇ હકિકતને સમર્થન મળેલ નથી અને વધુમાં તપાસ કરનાર અમલદાર દ્વાર ગુન્હાવાળી જગ્યાએ માણસોની સતત અવર જવર રહેતી હોવા છતા, સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધાવામાં આવેલ નથી. આમ, તપાસ કરનાર અમલદારની જુબાનીમાં ક્ષતિઓ જણાય આવે છે. જેથી ફરીયાદપક્ષની ક્ષતિઓનો લાભ આરોપીપક્ષને આપવો જોઇએ તેવુ અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે તથા આ કામે ફરીયાદી તથા તપાસ કરનાર અમલદાર પોલીસ સાહેદ હોય, તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થયેલ છે કે કેમ તે બાબતે પણ શંકા ઉપસ્થિત થાય છે.

(૭) આમ, જયારે ફરીયાદપક્ષનો એવો કેસ છે કે આ કામના આરોપીએ પોતાના કબજામાં વગર પાસ પરમીટે દેશી દારૂ, વેચાણ અર્થે, પોતાના કબજા હેઠળ રાખી, પકડાઇ જઇ, ગુજરાત પ્રોહીબીશન(એમેન્ડન્ટ) એકટની કલમ–૬૫ એ.એ. મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે. તેવા સંજોગોમાં અને બી.એસ.એ.ની કલમ–૧૦૪ વંચાણે લેવામાં આવે તો ફરીયાદપક્ષનો કેસ સાબિત કરવાનો બોજો ફરીયાદપક્ષના શીરે છે. જે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોઇ સદર કામના આરોપીએ ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટની કલમ–૬૫ એ.એ. મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિ:ષ્ફળ નિવડેલ હોય, તે તહોમત મુજબનો હાલના કામના આરોપી હોય તેવું માની શકાય નહી,તેથી ઉપરોકત મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

(૧) આ કામનાં આરોપી કુલસુમબેન ઉર્ફે હવાબેન વા/ઓ હુશેનભાઇ ઉર્ફે હનીફ ઉર્ફે જાંબુ અભરામભાઇ ઉર્ફે ઇબ્રાહીમભાઇ રાધારહે. રામ–રહીમનગર મફતીયા પરા, જોડીયા, તા. જોડીયા જી.જામનગરનાઓને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) હેઠળ ગુજરાત પ્રોહીબીશન (એમેન્ડમેન્ટ) એકટની કલમ–૬૫ એ.એ. મુજબનાં શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી પુરાવાના અભાવે, શંકાનો લાભ આપી, નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ ઠરાવ સામે અપીલ/રીવીઝન થાય તો તે સમયે આરોપીની હાજરી સહેલાઇથી મળી રહે તે સારુ આરોપીએ અગાઉ જામીન આપેલ છે તે ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રાખવા તથા ત્યારબાદ તે જામીન તથા જામીનખત રદ કરવા.

(૩) પ્રોહી મુદામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસાર નાશ કરવો.

આ હુકમ આજ તારીખ ૦૧ લી, માહે એપ્રિલ, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : જોડીયા

તારીખ: ૦૧/૦૪/૨૦૨૬.

**(કુ.એમ.એચ.મકવાણા)**
જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
જોડીયા, જિ.જામનગર
GJ01523

બી.કે.બળદા, ગુજ.સ્ટેનો.ગ્રેડ–૩